## પ્રમુખ સ્થાનેથી.....

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

જીવન વિનાની જિંદગી અમે જીવતા રહ્યાં,
સમયના વહેણમાં બેસમજ અમે સરતા રહ્યાં,
વસંતની મોસમ પણ થઈ ગઈતી કેદ ગુલશનમાં,
અમે તો પાનખરની જેમ રોજ ખરતાં રહ્યાં !

ભીખ અને ભૂખ એકમેકની સ્પર્ધામાં ઉતર્યા હોય એવા અજંપાભર્યા આજના વાતાવરણમાં એક માણસ બીજા માણસને માણસ તરીકે નહીં પણ મની મેકીંગ મશીન તરીકે જુએ છે ! તે પાંચમાં પૂજાય છે અને પૂછાય પણ છે. જે માણસ અસંખ્ય મનોરથો સાથે શહેરમાં પ્રવેશ કરે છે એ માણસ એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં છેલ્લા શ્વાસ લે છે. ધન એ સાધન છે જે સગવડ આપી શકે સુખ નહીં ! પૈસાથી સુખ મેળવવાની પ્રવૃત્તિ મૃગજળમાં માછલાં પકડવા જેવી છે. પૈસાનું મહત્વ હોઈ શકે પણ રોગની કક્ષાએ મમત્વ ન હોવું જોઈએ. દોરીલોટો લઈને આવેલા આખો સાગર કેમ ઉલેચી શકે ? પૈસાને કારણે માણસ કિંમતી બને છે પણ મૂલ્યવાન નહીં.

**પૂરજો પ્રવ્રજ્યા પંથે પમરાટ :**

ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૧ દરમ્યાન ગોરેગામ-મુંબઈ, પાનસર તથા પાલીતાણા મધ્યે પાંચ-પાંચ પાટણના મુમુક્ષુઓની પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રદાન થઈ. તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ, સેવા, સાધના થકી પરમકૃપાળુ પરમાત્માએ ચિંધ્યા સર્વવિરતિના માર્ગે પ્રયાણ કરવા તત્પર થયા. ગળથૂથીમાંથી સ્નેહ, શ્રધ્ધા તથા ધર્મસંસ્કારનું સિંચન થયું હોય તો અને તો જ જીવનના ઉત્કૃષ્ટ માર્ગને આંબી શકાય.

મુમુક્ષુ રત્ના કુ.કલગી, કુ.ખીલોની, કુ.પાયલ, વિણાબેન તથા બાળ મુમુક્ષુ કર્તવ્ય કુમારનો અગણિત લોકોના અંતરના આશિષથી મહામંગલકારી સર્વવિરતિનો માર્ગ નિષ્કંટક બને અને નિર્વિઘ્ને સફળતાને વરશે તે નિશ્ચિત છે. હૃદયપૂર્વક હું આપ સૌની ભૂરિ ભૂરિ અનુમોદના કરૂ છું. સર્વસામાન્ય જન સમુદાયને આપના વાણી વૈભવ અને ધર્મઆરાધનાના માર્ગ થકી જીવનનો ઉત્કૃષ્ટ માર્ગ પ્રાપ્ત થાય અને અનુકંપાના અમિ અસ્ખલિત વહેતા રહે એ જ અભ્યર્થના !

**દાનગંગાનો અસ્ખલિત પ્રવાહ :**

સેવા, સાધના અને શ્રધ્ધા થકી સંસ્થાની સુવાસ ચોમેર ફેલાઈ રહી છે. દાનગંગાનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહ્યો છે. સમાજ વિકાસ તથા રીવોલ્વીંગ ફંડ કોરપસ ખાતે બાબુ નરેન્દ્રકુમાર વિજયકુમાર પનાલાલ (ખજુરીનો પાડો) તરફથી રૂા.૧૧,૦૦,૦૦૦/-, શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી) તરફથી રૂા.૩,૧૧,૧૧૧/-, લેન્ડ અને બિલ્ડીંગ ફંડ ખાતે કોમ્યુનિટી હોલ માટે શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ તરફથી રૂા.૫,૦૦,૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરીવાડો) તરફથી રૂા.૧,૦૧,૦૦૪/- - સીનીયર સીટીઝન કોરપસ ખાતે, શ્રી હેમંતભાઈ જયંતીલાલ શાહ (પાલેજવાળા) શાંતીનાથની પોળ રૂા.૧,૨૫,૦૦૦/- પ્રાપ્ત થયા છે. શ્રી વિપુલભાઈ સનાલાલ શાહ (ઝવેરીવાડો) તરફથી વિવિધ ફંડોના કોરપસ ખાતે રૂા.૧,૦૧,૦૦૦/- તથા વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ખાતે શ્રી તનયભાઈ મયંકભાઈ શાહ (ભાભાનો પાડો) તરફથી રૂા.૧,૨૫,૦૦૦/- ની રકમ પ્રાપ્ત થઈ છે. શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ (કોકાનો પાડો) તરફથી સ્ત્રી ઉદ્યમ પ્રોત્સાહન ફંડ ખાતે રૂા.૧,૦૦,૦૦૦/- આ ઉપરાંત શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ (કોકાનો પાડો) તરફથી કેન્સર રીલીફ ફંડ ખાતે રૂા.૩,૨૫,૦૦૦/-,

*(અનુસંધાન પાના નં..... ૨ ઉપર)*

*(ક્રમશઃ પાના નં.....૧ થી)*

રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી નવિનચંદ્ર નેમચંદ શાહ (ગુંદરવાલા) (વાસુપુજ્યની શેરી) તરફથી સમજા વિકાસ ફંડ ખાતે સખાવત પ્રાપ્ત થઈ છે.સમાજના આ દાનેશ્વરી લક્ષ્મીપતિઓના સમયસરના અનુદાન માટે સંસ્થા ખોબલે ખોબલે અભિનંદન આપે છે અને ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

## પાટણ ખાતે સંસ્થાકીય મુલાકાત :

**શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય :**

શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ શાળાની મુલાકાત લીધી હતી. શાળામાં ચાલતી વિવિધમુખી પ્રવૃત્તિઓથી વિદ્યાલય સમિતિના માનદમંત્રી શ્રી યશવંતભાઈ ઝવેરી, આચાર્ય શ્રી મનુભાઈ જોશી તથા શ્રી બલદેવભાઈ દેસાઈ દ્વારા વિદ્યાલયની કોમ્પ્યુટર લેબ., નવો કોમ્પ્યુટર હોલ, બાયો, જનરલ, ફીઝીકસ કેમેસ્ટ્રી લેબ., પ્યાઉ ઘર તથા કોમ્યુનિટી હોલની પ્રત્યક્ષ મુલાકાત લઈ સ્ટાફ પરિવાર સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસ, રમતગમત તથા વિવિધ ક્ષેત્રે બાળકોને અપાતી સગવડ, શિસ્ત તથા સફાઈ ધ્યાનાકર્ષક હતી. શાળાના વિકાસ અને પ્રગતિના સતત પ્રયત્નોથી સૌ સંતુષ્ટ થયા હતા.

**શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય :**

હાલમાં કેટલાક સમયથી સંજોગોવશાત કાર્યરત નથી તેવા આપણાં છાત્રાલયની સભ્યોએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન છાત્રાલયના બિલ્ડીંગો તથા રૂમોમાં યોગ્ય જરૂરી ફેરફાર કરી સુયોગ્ય રીતે તૈયાર કરવા નિરીક્ષણ કર્યુ હતું. વિદ્યાર્થીગૃહ, ભોજનાલય વિગેરેને પ્રારંભિક મહત્વ આપી રીપેરીંગ કરાવવાનું વિચારણા હેઠળ છે. આર્કીટેકટ પાસે વ્યવસ્થિત પ્લાન કરાવી નવા સત્રથી છાત્રાલય શરૂ કરવાની ધારણા છે. વિવિધ પ્રશ્નોની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી.

**ડી.ઈ.ઓ. શ્રી મકવાણા સાહેબ સાથે વિચારવિમર્શ :**

પ્રિપ્રાયમરી શાળા માટે ખાતાકીય પરવાનગીની આવશ્યકતા, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના પ્રશ્નો, અંગ્રેજી માધ્યમની શાળાની પરવાનગી, નોનગ્રાન્ટેડ અંગ્રેજી માધ્યમની શાળા - એક આંધળી દોટ વિગેરે વિશે વિચારણા, વિદ્યાર્થીઓને આકર્ષવા નવા ટેકનીકલ કોર્ષ ચાલુ કરવા, સમય મર્યાદા અને વ્યવસ્થિત ડોકયુમેન્ટ પછી મંજુરી વિગેરે પ્રશ્નોની અર્થપૂર્ણ છણાવટ કરવામાં આવી હતી. સંસ્થાના હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ અનન્ય રસ દાખવ્યો હતો.

**શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના વાઈસ ચાન્સેલર શ્રીમતી ડૉ. હેમીક્ષાબેન રાવ સાથે ચર્ચાવિચારણા :**

જૈનોલોજી પ્રોજેકટ બનતી ત્વરાએ શરૂ કરવા પ્રયાસો, જોબ ઓરીએન્ટેડ કોર્ષ, હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડાર, લાયબ્રેરી, પ્રાકૃત તથા વિવિધ વિષયો બાબત, “ઔદિચ્ય” ના પ્રકાશનાર્થે સંસ્થાને અનુદાનની વિનંતી. પાટણ માટે સ્વચ્છતા અભિયાન, ટુરિસ્ટ સીટી તરીકે પાટણ ઉભરે અને પાટણને વર્લ્ડ હેરિટેજ સીટી જાહેર કરવા મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે રજુઆત, યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાગુરૂ હેમચંદ્રાચાર્યનું સ્ટેચ્યુ મૂકવા તથા યુનિવર્સિટીની પ્રાપ્ત વિગતો પાટણ પ્રતિબિંબમાં છાપવા બાબત વિચારણા કરવામાં આવી હતી.

**અગ્રગણ્ય નાગરિકો તથા રહેવાસીઓ સાથે મિલન સમારંભ :**

શ્રી બી.ડી.એસ. વિદ્યાલયની સગવડ તથા પ્રગતિની પારાશીશી, સંજોગવશાત બંધ છાત્રાલય પુનઃ કાર્યરત કરવા બાબત, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાઓ તથા સ્થાનિક કાર્યકરોનો અદ્દભુત સહકાર, મુંબઈ-પાટણ સળંગ રેલ્વેલાઈન માટેના પ્રયત્નો વિગેરે ચર્ચાના મુખ્ય મુદ્દાઓ રહ્યા હતા. અત્રે પધારેલ સૌ સભ્યોનો એક જ સ્વર “પાટણનો વિકાસ અને પ્રગતિ” માટેનો હતો. પાટણના વતની ડોકટર્સ, સામાજિક કાર્યકરો તથા શુભેચ્છકોએ સ્વેચ્છાએ ભાગ લઈ પોતાના મંતવ્યો દર્શાવ્યા હતા. મુંબઈમાં રહી પાટણના પ્રશ્નો વિશે ઉંડાણથી રસ લઈ વિચાર વિમર્શ કરવા બદલ શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારોનો સૌએ આભાર માન્યો હતો.

અત્રે શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હીરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા, શ્રી પાટણ પાંજરાપોળ-ખલીપૂર, કનાસા કલ્યાણ કેન્દ્ર તથા શ્રી શાંતિનાથ ભગવાન નાના દેરાસરની, આવાસ યોજના તેમજ ભોજન કક્ષની મુલાકાત પણ સભ્યોએ લીધી હતી. ઉત્કૃષ્ટ કામગીરી તથા વ્યવસ્થા માટે પાંચેય સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા કાર્યકરોને હાર્દિક અભિનંદન !

**ચિંતન શિબિરની ફળશ્રુતિ :**

ભોજનાલય ઉપરના હોલમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા હોદ્દેદારોની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ (એડમીનીસ્ટ્રેશન) સર્વને આવકારતા જણાવ્યું હતું કે, શતાબ્દિ ઉજવવા આપણે સૌએ અત્યારથી જ કામે લાગવું જોઈએ. નવા પ્રોજેકટો અને વિવિધ કાર્યક્રમો યોજવા જોઈએ. નવી તથા જુની પ્રવૃત્તિઓ બાબત વિચાર વિનિમય કરી ખાસ નિધિ પ્રસ્થાપિત કરવી જોઈએ.

શિબિરનું વિહંગાવલોકન, વિવિધ કાર્યોમાં મુંબઈ તથા પાટણ મધ્યે સભ્યોનું યોગદાન, કર્તવ્ય નિષ્ઠા અને સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ, પાટણ ખાતેના શ્રેષ્ઠિઓની દિલાવરી, ફરજ નિભાવવાનો તેમનો અભિગમ તથા ઉદાત્ત ઈચ્છાપૂર્તિની ભાવના , સહકારથી સિધ્ધિઓ અને સંસ્થાની ઉજજવળ યશોગાથાને એક અદ્દભુત નૂતન વળાંક, માતૃભૂમિને માંડવે લાગણીનો મેળાવડો, એક સુવ્યવસ્થિત સ્મૃતિ સંભારણું, ફળશ્રુતિ, ઐશ્વર્ય દાખવી તન, મન તથા ધનથી કાર્ય કરીએ તો જ સમાજ ઉત્કર્ષ સાધી શકાય ! હવે પછીના પ્રતિબિંબના અંકોમાં વિગતવાર અહેવાલ આપવાના પ્રયત્નો કરીશું.

સમયના સમથળ કદી કયાં હોય છે રસ્તા,
કદી ઉંચે તો કદી ખાઈની ધારે જાય છે રસ્તા,
સમયનો તકાજો આપણે સમજીએ તો સારૂં,
કદી કિનારે તો કદિ મઝધારે જાય છે રસ્તા !
આભાર... !

**❑ પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## સંપાદકીય.....

**આંખોમાં અમી, હૃદયમાં મમતાનો ઘુઘવતો સાગર અને હાલરડાના અક્ષરેઅક્ષરમાં વાત્સલ્યનું અમૃત પિવડાવનારી માતા ત્રિશલાની કુખે, પિતા સિધ્ધાર્થના મહેલમાં ક્ષત્રિયટુંકમાં જગદિપક , જગતારણહાર, એવા પ્રભુ મહાવીરનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯ (વિક્રમ સંવત ૫૪૨) ચૈત્ર સુદ ૧૩ નાં રોજ થયો હતો.**

જગતના દરેક ખૂણે અહિંસા અને અનેકાંતવાદમય જૈન ધર્મનું પ્રર્વતન કરનારા ચોવીસ તીર્થંકરો પૈકી શ્રી મહાવીર સ્વામી છેલ્લાં તીર્થંકર હતા. તેથી જૈન ધર્મનું વર્તમાન સ્વરૂપ પ્રભુ શ્રી મહાવીરસ્વામીને આભારી છે આવા પરમ ઉપકારી વિશ્વવત્સલ પ્રભુના જન્મકલ્યાણકના અવસરે તેમનાં સિધ્ધાંતોને, તેમના ઉપદેશોને, તેમના જીવનને યાદ કરી. આચરણમાં મૂકી સિધ્ધિપદને પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરીએ.

**સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્ર સમ શીતલ, સર્વગુણ સંપન્ન પ્રભુએ સત્ય, અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ અસ્તેય વિગેરે સિધ્ધાંતો જગતના સર્વજીવોના કલ્યાણ માટે આપ્યા.** પ્રાણીમાત્ર પ્રત્યે અભયદાન, વિશ્વમૈત્રી , અને વિશ્વશાંતીનાં અણમોલ રત્નોનું પ્રદાન કરીને સદા યે જયવંતુ બની રહે તેવા જિનશાશનનો નાદ આખા વિશ્વમાં ગજાવ્યો તેથી જ પ્રભુ મહાવીર કોઈ એક દેશના કે માત્ર જૈનોના જ ન રહેતા સમગ્ર વિશ્વના વંદનીય પૂજનીય બની રહ્યા. પ્રભુ મહાવીર એટલે **સમતાનું અખંડ સામ્રાજ્ય.** તેઓ નિર્ભય હતા. સર્વજીવો સાથે મૈત્રી હતા તેમની સાધનાના સાડા -બાર વર્ષ સુધી તેઓ એકલા રહયા ને એકલા જ વિહરતા રહ્યા. તેમના પૂર્વના ર૬ ભવો પરથી તેમનું જીવન અતિસ્પષ્ટ સમજાયુ અને કર્મની ગતિ, કર્મની સિધ્ધાંત તથા પૂર્વભવનું માનવજીવનમાં કેટલું મહત્વ છે તે પણ જાણવા-સમજવા મળ્યું. **નયસારના ભવથી બાળ વર્ધમાનમાંથી... વીર માંથી મહાવીર સુધીની તેમની યાત્રા અનેક ઉપસર્ગો સહેતાં સહેતા થઈ. ૨૭ માં ભવમાં પણ કર્મોએ તેમને છોડ્યાં નહિ, તેમ છતાં શાંતી, સમતા અને ક્ષમાના ઉદાર ગુણો દ્વારા તેઓએ સંકટોને હસતાં મોઢે સહન કર્યા. જગતને જ્ઞાન આપ્યું. સમજાણ આપી 'જીવો અને જીવવા દો' 'અહિંસા પરમોધર્મ' નાં સૂત્રો આપ્યા.**

આજે સમગ્ર વિશ્વના લોકો એક તરફ ભૂકંપ અને આતંકવાદના ભયથી, સુનામીના ડરથી મરવાના વાંકે જીવી રહ્યા છે. તો બીજી બાજુ આધુનિક ઉપકરણોના ઉપોગ દ્વારા દુનિયાના દેશો નજીક આવી રહ્યા છે. તૃષ્ણા લોકોને સતાવી રહી છે. સુખ-સગવડના બધાં જ સાધનો દરેક વ્યક્તિ માત્રને જોઈએ છે. તેના લીધે માનવ-માનવ વચ્ચેની ભેદરેખાઓ વધતી ગઈ છે. માનસિક તાણમાં રહેતો ને જીવતો માણસ પ્રભુના વચનોને ભૂલી ગયો છે. પ્રેમને બદલે વેર અને મિત્રતાને સ્થાને દુશ્મની જોવા મળે છે. આવા વાતાવરણની વચ્ચે પણ ગુરૂ ભગવંતો જૈન ધર્મને ટકાવી રાખવા માટેના ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે. તે અનુમોદનીય છે.

માતા-પિતા પ્રત્યેનો તેમનો અનન્ય પ્રેમ, માતૃભક્તિ ઉચ્ચ કોટિની હતી તે પણ આપણે જાણીએ છીએ. તેમ છતાં આજે વૃધ્ધાશ્રમો ખોલવાનો સમય આવી ગયો છે. **''શૌર્ય હોય તો મન સામે લડો, સમાજમાં પ્રવર્તતા અન્યાય, અત્યાચાર અને ઉમડાતી માનવતા સામે લડવાનું કયાં ઓછું છે ? બાકી તમારૂં વીરત્વ તો ઉષાયો સામે લડવા માટે હોવું જોઈએ. રાગ, દ્વેષ, ક્રોધ, મોહ, માયા, લોભ પર જો વિજય મેળવીએ તો મારે મન એવા વીરત્વનું મૂલ્ય વધારે છે. જે સર્વથા પ્રેમ અને આનંદ ફેલાવીને આ જીવનને સ્વર્ગ બનાવી શકે. સમભાવ અને સમાનતાભાવમાં વીરત્વ છે. આ વીરત્વની ઉપાસનાને હું મહત્વની સાધના માનું છું.** આજના સામાજિક પ્રશ્નોને ઉલ્લેખ શોધી આપતો આ સંદેશો ૨૬૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે સમસ્ત સંસારના લોકોને આપેલો છે.''

તેમના સમયમાં પણ માનવજાતને અનેક સમસ્યાઓ હતી. નિર્દોષ પશુઓની કતલ થતી હતી. લાચાર માનવીઓની ભારે અવદશા હતી તેમનું દુઃખ દૂર કરનાર કોઈ નહોતું. રાજાઓ અને શ્રીમંતો આનંદપ્રમોદમાં નાચતા હતા. પ્રભુ મહાવીર ત્રિશલા માતાની કુખમાંથી જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન , અવધિજ્ઞાન લઈને જન્મેલા તેથી તેમના હૃદયમાં તો ઉદાસીનતા જ રમતી. ચિંતન-મનનમાં સદા યે ખોવાયેલા રહેતા.


**શ્રી પાટણ પંચાયત ફંડ** સંચાલિત **શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**,
ટાંગડિયા વાડો, પાટણ - ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ✦ **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/ -**
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ✦ **દાતા ફોટો યોજના :રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. તિથિના દિવસે બોર્ડ પર નામ લખવામાં આવશે.

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે.**

સાધુ, સાધ્વી , શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુવિંધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થકરની બરાબર કરવામાં આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટકાર્ય કરી શકો છો.

જા+ખ સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

જા X ખ

તેથી જ તો પોતાના મનની વાત ત્રિશલા માતાને કહેતા : 'મા, આ સંસારના દુઃખો જોવાતો નથી. મારે સહુને સાચા સુખનો રસ્તો બતાડવો છે. મારે આ જગતના જીવોનું કલ્યાણ કરવું છે.' તેથી જ તેઓએ હાથમાં શસ્ત્ર પકડવાને બદલે અને ચક્રવર્તીપદ ધારણ કરવા જગતને પોતાના ઉચ્ચારનો માર્ગ બતાવવાનું ઉચિત માન્યું. પોતાની સાધના દ્વારા સંદેશો આપ્યો કે, **''આત્મ દીપો ભવ'' - તું જ તારો દીવો થા.**

લોકોને પોતાનું જીવન સફળ બનાવવું હોય અને આત્મકલ્યાણ એ જ જો લક્ષ્ય નક્કી કર્યુ હોય તો એ માટે પણ પ્રભુ મહાવીરે **'સમયં ગોયમં મા પમાયએ'** નો અર્થ ગૌતમસ્વામીને સમજાવી, લોકોને ઉપદેશ આપ્યો. એક ક્ષણ નો પણ પ્રમાદ ન કરવો. **યોગ્ય કાળે, યોગ્ય કાર્ય કરી લેવું જોઈએ. મનુષ્યના જીવન ઉપર જે જુદા જુદા તત્વોનો પ્રભાવ પડે છે. એમાં સૌથી વધુ પ્રભાવ કાળનો છે. સમય સતત સરી જાય છે.** વર્તમાંનનો કાળ ક્ષણવારમાં જ ભૂતકાળમાં સરી પડે છે. ભૂતકાળ અને ભવિષ્યકાળની વચ્ચે સામર્થ્ય તો વર્તમાનનું જ છે. આમ સમયનો પણ મહત્વનો મહિમા સમજાવ્યો.

મહાવીરે બહુજ સાદી ભાષામા બીજો પણ ઉપદેશ આપતાં જણાવ્યું કે; **'જે એગં જણાઈ તે સવ્વ જણઈ, જે સવ્વં જાણાઈ એ એગં જણઈ'** તેનો અર્થ એ છે કે; **''જે એકને જાણે છે જે બધાંને જાણે છે તે એકને જાણે છે.''** અહીં પણ મહાવીરના અદ્‌ભૂત સત્યનો સાક્ષાત્કાર થાય છે. મૂળને જાણી લઈએ તો વૃક્ષની ઓળખાણ આપોઆપ થઈ જાય છે ને વૃક્ષને જાણી લીધા પછી તેના મૂળ સૂધી જાણી શકાય છે. **જે લોકો મહાવીરના મૂળ તત્વને જાણી શક્યા નથી તેઓ જ સદા યે ભોગ - વિલાસમાં ફર્યા કરે છે. પરંતુ ભીતરથી દુઃખી રહ્યા કરે છે.**

અઢળક ઐશ્વર્યના સ્વામી પ્રભુ મહાવીર જાણતાં હતા કે **સુખની સામગ્રી અને સુખની અનુભૂતિ એ બે જુદા જુદા તત્વો છે. સુખની અનુભૂતિ કરાવવાની તાકાત એકમાત્ર ધર્મ અને આધ્યાત્મની અંદર જ થી સંપત્તિથી ક્યારેય સુખ મળતું નથી કેવળ સંસ્કારોથી જ સુખી થવાય છે. ધર્મના શરણે જ્યાથી જ નિજાનંદ પ્રાપ્ત થાય છે. પ્રભુ મહાવીર આ વિમલ વિશ્વની વાટિકાનું એક મધમધતું માનવપુષ્પ છે. જેની અપ્રતિમ સૌરભ આજે પણ વિશ્વમાં ફેલાઈ રહી છે. પરંતુ ''પ્રભુએ આપેલા ઉપદેશોનો જીવનમાં વિનિયોગ કરવાથી છટકી જવાની ટેવ પડી છે સાથે સાથે વર્તમાન આપણાં સુખી દેખાતા જીવનમાં વિનિયોગ ન પહોંચે એચલે તેમની મૂર્તિ બનાવી મંદિરમાં પ્રતિષ્ઠાન કરી ક્રિયાકાંડ કરીને ધર્મ કર્યાનો સંતોષ માનીએ છીએ. વર્ષમાં માત્ર ત્રણ જ વાર પ્રભુ મહાવીરનો જયજયકાર કરી નારા લગાવીએ છીએ 'વંદે વીરમ્'... 'વંદે વીરમ્'. પ્રભુના જન્મકલ્યાણકના દિવસે, પર્યુષણમાં પ્રભુના જન્મવાંચન નિમિત્તે, અને વર્ષના અંતે દિવાળીની રાત્રે પ્રભુના નિર્વાણ કલ્યાણક પ્રસંગે.''**

**''અહા ! કેવું ભાગ્ય જાગ્યું, વીરનાં ચરણો મળ્યાં ''**
**રોગ, શોક, દારિદ્ર સઘળાં, જેહથી દૂરે ટળ્યા.....**
**પરમાત્માનાં ચરણોમાં કોટિઃ કોટિઃ વંદન ....**
**જૈનમ-જયંતિ શાશનમ્ !**

❑ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

---

**પાટણ પ્રતિબિંબના વિશેષાંકમાં પાના નં. ૧૨૭ થી ૧૩૪ ઉપર શ્રી પાટણ જૈન મંડળના હોદ્દા પર રહી કરેલ સેવા (વર્ષ ૧૯૧૨ થી ૨૦૧૦)ની વિગત પ્રકાશિત કરવામાં આવી છે. ફરી ફરીને અમો વિનંતી કરીએ છીએ કે, આપ અથવા આપના પરિચિતોમાં કોઈની પાસે ઉકત વિગત અન્વયે મહાનુભાવો તથા તેમના વારસદારોના નામ તથા મહોલ્લાની વિગત હોય તો સંસ્થાના કાર્યાલયમાં સત્વરે લેખીત મોકલી આપશોજી.**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

---

**શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર ''પાટણ પ્રતિબિંબ'' નિભાવ ફંડને સહૃદય છલકાવનાર માનનીય વ્યાપારી બંધુઓ, સદગૃહસ્થો, લેખકો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક બનનાર શુભેચ્છકોનો હાર્દિક આભાર...**

❑ **સંપાદક સમિતિ**

---

**વ્હાલા વિદ્યાર્થીઓ**




માર્ચ- એપ્રીલ મહિનો આવે કે વિદ્યાર્થીનો માટે પરીક્ષાની મોસમ શરૂ થાય છે. તેમના આખા વર્ષની મહેનતની, જીવનની અણમોલ ઘડી આવી છે. આખા વર્ષ દરમ્યાન પોતે મેળવેલું જ્ઞાન, પોતાની બુદ્ધિશક્તિ પોતાની આવડત પૂરવાર કરવાનો અવસર એજ પરીક્ષા. તે પણ માત્ર ત્રણ કલાકમાં જ ....

વ્હાલા વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્ત રાખીને પરીક્ષા આપજો માનસિક રીતે સજજ થઈને પ્રશ્ન પેપર હાથમાં લેજો આ પરીક્ષા જ તમને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જશે. અભ્યાસ બરાબર કરજો પુરતો આરામ, પૂરતો ખોરાક અને રાત્રે સમયસરની ઊંઘ તમારૂં સ્વાસ્થ્ય જાળવી રાખવામાં સહાયરૂપ થશે. માતા-પિતાઓએ પણ આ સમયે બાળકોને પ્રેમ અને સ્નેહથી વહેવાર કરવો જરૂરી છે. ઘરમાં શાંતી અને આનંદભર્યુ વાતાવરણ બાળકોમાં આત્મવિશ્વાસ જગાવશે. પોઝીટીવ વર્તન કેળવવું બહુ જ આવશ્યક છે. જે પ્રશ્નોના ઉત્તર આવડતાં હોય તેવાં પ્રશ્નોના ઉત્તર પહેલાં જ સરળતાથી લખી લેશો. તો માનસિક તણાવ નહિ લાગે. મનમાંથી નિરાશાને ખંખેરી નાંખજો હિંમત હાર્યા વગર ખૂબજ સારી રીતે પરીક્ષા આપીને સફળતા મેળવી તમારૂં નામ રોશન કરજો. માતા-પિતાનું ગૌરવ વધારજો.

# ભેટની ભવ્યતા

ભેટ-સોગાદ એ માત્ર સામાન્ય વસ્તુઓ નથી, ભીતરની ભાવનાઓને અભિવ્યક્ત કરનાર એક અદ્‌ભુત માધ્યમ છે...!!

નાનાં-મોટાં, ગરીબ-તવંગર, સ્ત્રી-પુરૂષ બધાને ભેટ મળે એ ગમતું હોય છે. ભેટ વ્યક્તિને મહત્ત્વ પ્રદાન કરે છે, કોઈક આપણને યાદ કરી, આપણાં આનંદ અને સુખમાં સહભાગી બની શુભ સ્નેહનાં પ્રતીકરૂપે કાંઇક આપે તે કોને ના ગમે? આત્મીયતા દર્શાવતી, અભિરૂચિને પોષક, સ્નેહસભર ભેટ આપનાર તથા સ્વીકારનાર બંનેને ભાવવિભોર કરી દે છે.

તમારી લગ્નતિથી, મિત્રોની જન્મતારીખ, સંતાનોની જન્મતિથી વગેરે તારીખો-તિથીઓ યાદ રાખી તેમના માટે નાની સરખી પણ ભેટ લાવવાનું ના ચૂકશો. ભેટ આપવાનો હેતુ-તે વિશેષ દિવસનું મધુર સ્મરણ રાખવાનો હોય છે.

ભેટની પસંદગી કરતી વખતે-સ્વીકારનારની વય, શોખ, સ્વભાવ, જરૂરિયાત આદિ અનેક પરિબળોને ધ્યાનમાં રાખવા. તે સમયે સામાનું 'Status' નહીં, કિંતુ શોખ-રૂચિ જોવી. કો'કને વાંચનનો શોખ હોય તો સરસ વાદ્ય-વાંજીત્ર આપી શકાય, ચિત્રકામનો શોખ હોય તો રંગો-પીછીં-કેનવાસ આપી શકાય.

સંવેદનાઓની અભિવ્યક્તિ માટે સમયની પ્રતીક્ષા ના કરાય. જેના માટે અંતરઆકાશમાં અગાધ લાગણીઓની મેઘા વરસતી હોય તેને ભેટ આપવા માટે કોઈ પર્વ-પ્રસંગની વાટ જોતાં ના રહેવાય... બસ, વારંવાર નાનાં-મોટાં નિમિત્તો ઉપસ્થિત કરીને પણ કાંઇક ને કાંઇક ભેટો આપ્યા જ કરવાની મનોકામના થાય!

ભેટ જ્યારે ફક્ત એક શિષ્ટાચાર કે સામાજિક વ્યવહાર રૂપે અપાય છે તો એ કેવળ એક ''ઔપચારિકતા'' (Formality) બની રહે છે, જેનું કોઈ વિશેષ મહત્ત્વ નથી રહેતું. જ્યારે તમે કોઈ પણ ભેટ આપી ત્યારે કદાપિ 'પરત ભેટ' (Return gift) અથવા અન્ય કોઈ પ્રકારનાં વળતરની અપેક્ષા ના રાખવી. આપવું અને લેવું એ તો સોદાબાજી છે, સ્નેહનાં સંબંધની સૂરાવલિ નહિ...! તમે ભેટ આપો છો, તમારી ખુદની ખુશી વ્યક્ત કરવા, સામેની વ્યક્તિ પ્રત્યે તમારી લાગણીઓ દશવિવા...! એક વાત હમેશા યાદ રાખવી-ભાવાવેશમાં આવી જઇને ભારેખમ ભેટોનો એટલો ધોધ ના વરસાવવો કે સામેની વ્યક્તિને લેતી વખતે સંકોચ-ક્ષોભ થાય. પરિણામે તેને પણ ઇચ્છાએ-અનિચ્છાએ તમારા માટે ખેંચાવું પડે. ધારો કે તમારે પ્રિય સખીના ઘરે જવું છે તો તેને આપવા બજારની તૈયાર વસ્તુ ભેટ આપવાને બદલે તમારા હાથે બનાવેલ તેની પ્રિય વાનગી લઈ જઇ શકો, તમે પોતે ગૂંથેલ બટવો લઈ જઈ શકો. તમને સારું પેઇન્ટીંગ આવડતું હોય તો તે બનાવીને પણ આપી શકાય અથવા જાતે બનાવેલી બીજી કોઇપણ સારી ભેટ લઈ જઈ શકો.

ભેટની કિંમત જેટલી વધુ, લાગણીની માત્રા તેટલી વધુ' - આવું સદંતર ખોટું ગણિત માની લેવાને કોઇ જ કારણ નથી, કોઇકને મોંઘેરી ગાડી ભેટરૂપે આપો છતાં ય તેની પાછળ નર્યો સ્વાર્થ હોય તો તેની શી કિંમત?.... તેનાં કરતાં પ્રેમથી અપાયેલ માત્ર એક ગુલાબનું પુષ્પ કે પછી સાદા કાગળ ઉપર અંકિત કેટલાંક રંગબેરંગી શબ્દોની કૃતિ, જે તમારી સંવેદનાઓને વાચા આપતી હોય તેવી લાગણીસભર ભેટોની કિંમત ખરેખર અનેકત્રણી વધુ હોય છે. આમ નાનીશી સાદી ભેટો પણ અતિશય મનપસંદ હોઈ શકે, જ્યારે મોંઘીદાટ ભેટો પણ ક્વચિત્ નકામી થઈ રહે.

આજનાં અર્થપ્રધાન યુગમાં દરેકની દૃષ્ટિ ''કિંમત'' પર મંડાયેલી છે, ''મૂલ્ય'' પર નહીં... આપણે ભૂલી જઇએ છીએ કે વસ્તુની કિંમત ગણી શકાશે, પણ ''મૂલ્યાંકન'' ના કરી શકાય. કિંમત-માટે કેવળ 'નજર' જોઇએ, જ્યારે મૂલ્યાંકન માટે 'અંતદૃષ્ટી'...! પૈસા નહિ, પણ અંતરની ઊર્મિઓ જ ભેટને સજીવ કરે છે, ચિર સ્મરણીય બનાવે છે.

નિઃશંકપણે કહી શકાય કે આજનાં ગળાડૂબ વ્યસ્ત વિશ્વમાં જો ખરેખર કોઇને ''શ્રેષ્ઠ ભેટ'' આપવી જ હોય તો તે છે તમારો ''અમૂલ્ય સમય''! હોસ્પિટલો, વૃધ્ધાશ્રમો, અનાથાશ્રમો આદિ સ્થળોએ જઇને ક્યારેક તમારાં અમુક કલાકોનાં સમયની ભેટ આપી જોજો... તેમની આંખોની ચમક અને મુખ પરનું સ્મિત જ તમને વધુ કહી દેશે, પરંતુ આજકાલ તો પરિવાર માટે પણ સમય ફાળવવો એ જાણે કે બહુ મોટી સિધ્ધિ ના હોય. નોકરી-ધંધામાં વ્યસ્ત પતિ તેની પત્નીને લાખો રૂપિયાની કિંમતના આભૂષણોની ભેટ આપવા તૈયાર હશે પણ પત્ની સાથે સમીસાંજે સાગરતટે ચાલવા કે પછી સંતાનોની શાળાનાં આયોજનો માટે તેની પાસે સમય નહિ હોય, અરે, પૈસાથી ખરીદેલ ભૌતિક ભેટો તો સમયાંતરે જીર્ણ કે નામશેષ થઇ શકશે પણ તમે વીતાવેલી તે ક્ષણો કો'કનાં જીવનભરનું અવિસ્મરણીય, અવિનાશી, અમૂલ્ય સંભારણું બની રહેશે...!

સામાન્યતઃ જ્યારે પણ ભેટ આપવાની વાત આવે ત્યારે આપણે સહુ ભૌતિક સામગ્રીઓ સુધી જ સીમિત બની જઇએ છીએ પરંતુ કદી બીજી અપેક્ષાએ પણ ઉત્તમ ઉપહારો આપી શકાય. એવું વિચાર્યુ છે ખરું?

| | | |
|---|---|---|
| પિતાને આપવા લાયક ભેટ | - | આદર |
| માતાને આપવા યોગ્ય ભેટ | - | સેવા-ભક્તિ |
| ગુરૂને આપવા યોગ્ય ઉપહાર | - | સમર્પણ |
| સ્વજન-પરિવારને આપવા યોગ્ય ભેટ | - | હૈયાની હૂંફ |
| જીવનસાથીને આપવા યોગ્ય ભેટ | - | વિશ્વાસ |
| સંતાનને આપવા યોગ્ય ભેટ | - | અખૂટ પ્રેમ |
| શત્રુ ને આપવા યોગ્ય શ્રેષ્ઠ ભેટ | - | ક્ષમા |
| મિત્રને આપવા યોગ્ય ઉપહાર | - | હૃદય |
| સ્નેહીને આપવા યોગ્ય ભેટ | - | અવિસ્મરણીય યાદો |
| સહવર્તીઓને આપવા યોગ્ય ભેટ | - | પ્રોત્સાહન |

ભેટો અન્યોને જ આપી શકાય એવો ક્યાં કોઈ નિયમ છે?

*(અનુસંધાન પાના નં..... ૬ ઉપર)*

(ક્રમશઃ પાના નં.....૫ થી) **(ભેટની ભવ્યતા)**

તમે 'ખુદ' ને પણ અનેક પ્રકારની ભેટો આપી શકો છો... જેમ કે શારીરિક તંદુરસ્તીની ભેટ, માનસિક શાંતિની ભેટ, સદ્વાંચન-શ્રુતશ્રવણની ભેટ, આધ્યાત્મિક ચિંતન-મનનની ભેટ, ગુણપ્રાપ્તિની ભેટ, દોષનિકાલની ભેટ, આત્મનિરીક્ષણ દ્વારા આંતરિક વિકાસની ભેટ....!

**અંગ્રેજીમાં એક સરસ સુવાક્ય છે-**

***What you are is God's gift to you,***
***but What you make of yourself is***
***your gift to God.***

એક ઉમદા માનવી બનીને, અન્યોનાં જીવનમાં સદાય સહાયક-માર્ગદર્શક બનીને તમે સમસ્ત વિશ્વને એક શ્રેષ્ઠ ભેટ આપી શકો છો.

જોયું, તમે સહુએ પણ આ લેખ વાંચવા માટે સમય ફાળવીને, શ્રમ લઇને તેનાં રચયિતાને કેવી ઉત્તમ ભેટ આપી ને........!!

**શ્રી ઊર્વિ જવેરી**

## અભિનંદન

- **ફાલ્ગુની નીમેષભાઈ શાહ** (ઉં. વ. ૪૮) શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી વુમન્સ યુનિવર્સિટી તરફથી MA ગુજરાતીમાં ફાલ્ગુની પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ છે. ઈનામી સમારંભ પાટકર હૉલ ખાતે યોજાયેલ, લોકસભાના સ્પીકર મીરા કુમારના વરદ હસ્તે ફાલ્ગુનીને ૩ સર્ટીફીકેટ ઑફ મેરીટ આપવાં આવ્યા છે. ખૂબ ખૂબ અભિનંદન.
- પાટણ વતની ખજૂરીનાપાડો અંધેરી નિવાસી **કુમારી પ્રિયલ હિતુલ રમેશ શાહ** (ઉંમર વ. ૭) ને 'Youth Envoys International' હૈદરાબાદ તરફથી લેવાયેલ 'Second International Child Art Exhibition - 2010' માં પ્રથમ આવીને Gold Medal મેળવ્યો છે. તે બદલ અભિનંદન.
- પાટણ નિવાસી કુંભારીયા પાડામાં યોગેશભાઈ વૃજલાલ શાહની સુપુત્રી **કલ્પા શાહ** કલાકૃતિ પારિતોષમાં બોરીવલીની સ્પર્ધામાં ૨૮૨ કલાકૃતિમાંથી તે પહેલા નંબરે માતા સરસ્વતીની દેવીની બેસ્ટ પ્રતિકૃતિ બનાવી વિજેતા બની છે. તે બદલ અભિનંદન.

## લગ્ન - સંબંધી

| | | | |
|---|---|---|---|
| **Name** | **: KALPESH SHAH (DIVORCED)** | | |
| **Mother** | : Kantaben Jayantilal Shah | | |
| **DOB** | : 24-09-1970 | **Height** | : 5"-9" |
| **Mohalla** | : Maniyati Pado | | |
| **Education** | : T.Y.B.Com | | |
| **Occupation** | : Stock Market, Consultancy | | |
| **Mobile** | **: 9833004590** | **Resi.** | **: 23693578** |

ક-૪૪

## ઋણ સ્વીકાર

શનિવારની સંધ્યાનો સૂરજ નમતો હતો અને મધ્યાહ્નનો ઉકળાટ શમતો હતો. તેવા સમયે હું મારી પુત્રવધૂ સાથે શાકમાર્કેટમાં ફ્રૂટ લેવા ગયો હતો. એક ફ્રૂટવાળા ભૈયાજી પાસેથી બધુંજ ફ્રૂટ લઈ લીધું તેથી મેં પૂછ્યું ''બેટા, કેમ બધું ફ્રૂટ એક જ ભૈયાજી પાસેથી લઈ લીધું અને તે પણ ભાવ પૂછ્યા વગર ? બીજે ઠેકાણે ભાવ તો પૂછવા હતા જેથી ખબર પડે કે વધારે ભાવ તો નથી લેતા.''

''પપ્પા હું અને મમ્મી છેલ્લા કેટલા વખતથી આ ભૈયાજી પાસેથી જ લઈએ છીએ અને આ ભૈયાજી આપણને સારામાં સારૂં ફ્રૂટ આપે છે અને તે પણ બજાર કરતાં ઘણા જ ઓછા ભાવે આપે છે અને તોલમાપમાં પણ વધારે આપે છે.''

ખાતરી કરવા માટે મેં આજુબાજુના ફ્રૂટવાળા પાસે તપાસ કરી તો ખરેખર આ ભૈયાજીએ બજાર કરતાં ઓછા ભાવે ફ્રૂટ આપ્યું હતું અને વધારે ફ્રૂટ પણ આપ્યું હતું. કારણ જાણવાની મને કુતૂહલતા જાગી તેથી હૂં ફ્રૂટવાળા ભૈયાજી પાસે પાછો ગયો અને કહ્યું.

''પંડીતજી, આપકા ફ્રૂટ બહુત મીઠા ઓર સચમુચ બઢિયા હૈ.''

''બોલો આપકો ક્યા ઔર ચાહીએ બતાઈએ.''

''બાબુજી એક બાત પૂછું ? આપ સચ બતાએંગે ?''

''હાં હાં, જરૂર. આજ તક મૈંને કભી જુઠા નહીં બોલા હૈં ઔર ન બોલુંગા.''

''આપ હમે યહ સભી ફ્રૂટ બાજાર સે કમ દામમે ઔર તોલમોલ મેં જ્યાદા ક્યું દેતે હૈ ?''

''ભાઈસાબ, આપકી પત્ની બહુત બરસોં સે હમારે પાસ સે ફ્રુટ લેતી હૈં, મૈં ઉન્હે બહુત અચ્છી તરહ સે જાનતા હું. ઉન્હોંને કભી કોઈ ખીટપીટ નહીં કીયા, ન પૈસા ભી કમ દીયા. ઉનકી એક સાડી મુજે બહુત પસંદ આઈ, મૈંને ભાભીજી કો બતાયા તો દૂસરે દીન વો સાડી ઔર એક નઈ સાડી ભી મુજે ઐસે હી દે દીયા. મૈંને બહુત કહા પૈસે લે લો, પર ઉસને મુઝસે પૈસા નહીં લીયા. ઐસા મુફ્ત મેં સાડી મૈં થોડે લે સકતા હું. મુઝે ઉનકા દામ તો ચુકાના હી હૈં. મુફ્ત કા માલ લેકર મુઝે મેરા ભવ નહીં બીગાડના હૈ. ઈશ્વરને મુઝે ઠીક દીયા હૈ. મેરે પાસ અણમોલ રત્ન જૈસી દો આખે હૈં, આનંદ કી બંસરી બજા સકુ ઐસા મુખ હૈ. પૈસે સે ખરીદ ન સકે ઈતની અચ્છી તંદુરસ્તી હૈ, ઔર મૈં પ્રેમ કર સકુ ઐસા પરિવાર ઔર મિત્રો હૈ. રહને કા ઘર ભી હૈ, ઔર ઈસ સે જ્યાદા મુઝે ક્યા ચાહિએ.''

આ વાક્યો સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો અને મનોમન બોલી ઊઠ્યો ૬૦ કે ૬૫ વર્ષને આરે આવીને ઉભેલા વયોવૃદ્ધ ભૈયાજીને સરખા ચપ્પલના પણ ઠેકાણા ન હતા. જભ્ભા અને બંડીને પણ ત્રણથી ચાર સાંધા મારેલા હતા. આવા સામાન્ય અને સાધારણ માણસને પણ પોતાના હકનું જ લેવું ગમે છે. મફતનું જરા પણ નથી ગમતું. ખેરખર ધન્ય છે, 'સાધારણ માણસની અસાધારણતાને.' ઋણ અદા કરવાની તકને પણ છોડતો નથી.

❑ **શ્રી સુરેશભાઈ ચૌધરી**

## હીરામાં કોતરેલા આ ઈસુ અબજના છે !

શિલ્પ તો અનેક રીતે તૈયાર કરવામાં આવે. ધાતુમાંથી, રેત કે પછી માટીમાંથી, લાકડામાંથી, વગેરે, આવાં શિલ્પ તો દરેકે જોયાં હશે, પણ હીરામાંથી બનાવવામાં આવેલું શિલ્પ ક્યારેય જોયું છે અથવા એની કલ્પના કરી છે ?

હીરો એકદમ કઠણ જણસ હોવાથી એના પર હૅન્ડૂટલથી એટલે કે હાથના ઓજારથી કોતરણી કરવાનું અશક્ય છે. જો કે મુંબઈના હીરાના વેપારી સમીરભાઈ દોશી પાસે હીરામાંથી કોતરવામાં આવેલું એક અદ્‌ભુત શિલ્પ છે. હીરાના એક નાના નંગને કોતરી એમાંથી ભગવાન ઈસુને શૂળી પર ચડેલા દર્શાવવામાં આવ્યા છે.

ચિત્રલેખા સાથે વાત કરતાં સમીરભાઈ દોશી કહે છે કે વિશ્વભરમાં હીરામાં કોતરણીનું કામ કોઈ કરતું જ નથી અને આ કળા અત્યાર સુધી માત્ર એક ગુજરાતી પાસે જ હતી. હીરાને કોતરી એમાંથી ભગવાનની મૂર્તિ કે પછી અન્ય આકાર આપવા માટે એ જાણીતા હતા. મારી પાસે ઈસુનું જે શિલ્પ છે એ પણ એમણે જ બનાવેલું.



મૂળ પાટણના, પણ મુંબઈમાં રહેતા મહેન્દ્રભાઈ શાહ પાસે હીરામાં કોતરકામની અદ્‌ભુત કળા હતી. બે વર્ષ પહેલાં એમનું નિધન થઈ ગયું. ઈસુ ઉપરાંત એમણે શંખેશ્વર પાર્શ્વનાથ, ગણપતિ અને બુદ્ધની મૂર્તિ પણ બનાવેલી હીરો જ હીરાને ઘસી શકે. એ જ રીતે મહેન્દ્રભાઈ હીરાની મદદથી બીજા હીરા પર કોતરકામ કરતા.

સમીરભાઈ કહે છે કે નવ વર્ષ પહેલાં મહેન્દ્રભાઈ સાથે સંપર્ક થયેલો. એમને અને એમની કળાને જોઈએ એવી માન્યતા મળી નહોતી. એમને એમ હતું કે હીરામાંથી જો હું જીસસની મૂર્તિ બનાવીશ તો મને કદાચ આંતરરાષ્ટ્રીય માન્યતા મળે. ઈસુની મૂર્તિ બનાવવાનું શરૂ તો કર્યું, પણ એ કામ અડધેથી અટકાવી દીધું. મને એ વિશે ખબર પડી એટલે મેં એમને કામ કરી શરૂ કરવા સમજાવ્યા. ભારે સમજાવટ બાદ એ અધરૂં કામ પુરૂં કરવા રાજી થયા.

જે હીરામાંથી એ શૂળી પર ચડેલા ઈસુની મૂર્તિ બનાવતા હતા એ હીરો ૧૭૫ કૅરેટનો કાળા રંગનો ઑપેક હીરો હતો. એ કોન્ગોના ખાણમાંથી નીકળેલો. આ નંગમાંથી બનેલી ઈસુની મૂર્તિનું વજન અત્યારે પચ્ચીસ કૅરેટનું છે.

સમીરભાઈએ ઈસુની મૂર્તિ એન્ટવર્પમાં ટૉપના ડાયમંડ કટર્સને પણ જૈન આગમમાં પણ એવો ઉલ્લેખ છે કે અનાદિ કાળમાં આદેશ્વર ભગવાનના પુત્ર ભરત ચકવર્તી મહારાજે હીરામાંથી ૨૪ તીર્થકરની મૂર્તિ બનાવેલી. એ પછી મહેન્દભાઈ શાહ સિવાય હીરામાં કોઈ કોતરણીનું કામ કરતું હોય એની ખબર નથી.

ચિત્રલેખા સાથે વાત કરતાં મહેન્દ્રભાઈનાં ધર્મપત્ની બીણાબહેન કહે છેઃ 'એમણે ઘણા જુવાનિયાને આ કળા શિખવાડવાનો પ્રયત્ન કરેલો, પણ મોટા ભાગનાએ એક યા બીજા કારણસર અજધેથી એ શીખવાનું પડતું મૂકી દીધું હતું.'

એ કહે છે કે એમણે હીરા પર કાર્વિંગ કરવાની કોઈ તાલીમ લીધો નહોતી, પણ એ નાના હતા ત્યારે પાટણમાં જૈન મંદિરમાં મૂર્તિ કોતરવાનાં જે કામ ચાલતાં એ પ્રવૃત્તિ એ રસથી જોતા અને એમણે ત્યારે નિર્ધાર કરેલો કે હું પણ મોટો થઈને શિલ્પ બનાવીશ.

મહેન્દ્રભાઈએ હીરા પર પહેલું કાર્વિંગ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું કર્યું. એ માટે અનેક વાર એ શખેશ્વર જઈ આવેલા. મંદિરમાં આખી મૂર્તિ પક્ષાલ વિધિ દરમિયાન જોવા મળે. એ મૂર્તિ જોતા અને દરેકેદરેક પાસાંની નોંધ કરી લેતા. જ્યારે એમણે મૂર્તિ તૈયાર કરી ત્યારે આબેહૂબ મૂળ મુર્તિ જેવી જ એમની કલાકૃતિ હતી.

હીરાની નંગમાં શંખેશ્વર પાર્શ્વનાથની મુર્તિ કોતરવામાં એમને સાડા પાંચ વર્ષ લાગેલાં. એ પછી એમણે આશરે સવા વર્ષમાં ગણપતિજીને હીરામાં કોતરેલા. ગણપતિની મૂર્તિ માટે એમણે ૬૩ કૅરેટનો હીરો લીધેલો અને જ્યારે મૂર્તિ બની ગઈ ત્યારે એનું વજન આશરે ૩૯.૯ કૅરેટ જેટલું હતું.

ભગવાન બુદ્ધની હીરાની મૂર્તિના પાયામાં એમણે ભારતનો નક્શો કંડારેલો. હીરો ડાર્ક બ્રાઉન રંગનો હતો. મૂર્તિ બનો ગઈએ બાદ બુદ્ધનો ચહેરાનો રંગ કુદરતી રીતે સોનેરી થઈ ગયેલો. આ હીરો ગણપતિ કરતાં પણ નાનો હતો. આ ઉપરાંત, એમણે શિવલિંગ, અશ્વમુખ, ચાર એકડા, ક્રિસમસ ટ્રી અને ટૉરસ (વૃષભ) નું પણ હીરામાં કોતરકામ કરેલું.

મહેન્દ્રભાઈ હીરાના વેપારીઓને મજૂરીના બદલામાં આવી મૂર્તિ બનાવી આપતા. મોટા ભાગની આ કલાકૃતિ કયાં છે એની વીણાબહેનને ખબર નથી, પણ ગણપતિની મૂર્તિ મુંબઈના કૌશિક ચૌધરી નામના હીરાના વેપારી પાસે છે.

હીરાના વેપારી સમીરભાઈ કહે છે કે મારી પાસે ઈસુની જે કલાકૃતિ છે એની ઊંચાઈ ૨૭.૧૨ મિલિમીટર છે. મહેન્દ્રભાઈ જ્યારે હીરો ખરીદેલો ત્યારે જ એમણે નોંધ કરી. એમના ચહેરા પરની વેદના, એમની પાંસળીઓ, એમનાં શરીરમાં જડવામાં આવેલા ખીલા, એમણે પહેરેલ કછોટો, વગેરે જ્યારે કોતરકામ પુરૂં થયું ત્યારે મૂર્તિ પણ પેલા મોડેલ જેવી જ બની. ઈસુને ખાસ સિલ્વરના ક્રૉસ પર જડવામાં આવ્યા છે.

ક્રુસીફિક્સ ઈસુની આ મૂર્તિ જેમોલૉજિકલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ અમેરિકાને પણ બતાવવામાં આવેલી અને એણે એવું સર્ટિફિકેટ આપ્યું છે કે લેઝરની મદદથી ઘણી ચીજો અત્યારે તૈયાર કરવામાં આવે છે, પણ હૅન્ડટૂલની મદદથી મહેન્દ્રભાઈએ તૈયાર કરેલી ઈસુની મૂર્તિ ખરેખર અનોખી છે. અસામાન્ય આવડત અને ધીરજ ધરાવતા કલાકાર-કારીગર જ આવી અલભ્ય પ્રતિકૃતિ તૈયાર કરી શકે છે.

આ મૂર્તિ બનાવવામાં લેઝર કે અન્ય કોઈ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો એની પણ ખાતરી કરવામાં આવી છે, લેઝરથી કોતરકામ કરવામાં આવ્યું હોય તો એ ભાગ બળી જાય અને એ ભાગમાં પૉલિશ કરવાનું કામ અધરૂં બની જાય. આ ઉપરાંત, હીરાનો ઉપરનો ભાગ ખરબચડો થઈ જાય. *(અનુસંધાન પાના નં..... ૮ ઉપર)*

(ક્રમશઃ પાના નં.....૭ થી) **(હીરામાં કોતરેલા ........)**

હીરાબજારના ટોચના વેપારીઓએ પણ ઇસુની આ મૂર્તિ જોઈ છે. રોઝી બ્લુ કંપનીના દિલીપભાઈ મહેતાને પણ મૂર્તિ બતાવવામાં આવેલી. એમનું કહેવું છે કે હું વર્ષોથી હીરાના વ્યવસાયમાં છું, છતાં હૅન્ડટૂલની મદદથી હીરા પર આવી કોતરણી કરી શકે એવા મહેન્દ્રભાઈ પ્રથમ હસ્તી છે અને એમના સિવાય આવી અસાધારણ આવડત ધરાવતી કોઈ વ્યક્તિના સંપર્કમાં હું આજ સુધી આવ્યો નથી.

સમીરભાઈ કહે છેઃ 'છેલ્લાં બે વર્ષથી આ મૂર્તિ મારી પાસે છે અને મેં એનો વીમો પણ ઉતરાવ્યો છે. આ પીસનું હું આંતરરાષ્ટ્રીય લિલામગૃહ મારફત વિલામ કરવા માગું છું. એના આશરે ૧૦૦ કરોડ રૂપિયા ઊપજશે એવી મને આશા છે. '

## મોતિયાનાં નિ:શુલ્ક ઑપરેશન

ઘણા વૃદ્ધો પૈસાના અભાવે આંખના મોતિયાનું ઑપરેશન કરાવી શકતા નથી. અને કાયમ માટે અંધત્વ મેળવી લે છે.

'લાયન્સ ક્લબ ઑફ ઈરલા સી પર્લ્સ' "Sight First" પ્રોગ્રામ હેઠળ અત્યાર સુધીમાં મોતિયાનાં ૧૦,૦૦૦/- (દસ હજાર) ઑપરેશન મફત કર્યાં છે. છેલ્લાં દોઢ વર્ષમાં ૧૯૦ મોતિયાનો ઑપરેશન ફ્રી (મફત) કર્યાં છે. આ લાયન્સની આંખની બે હૉસ્પિટલ છે (૧) લાયન્સ કરતાર સિંગ આઈ હૉસ્પિટલ અંધેરી (પશ્ચિમ) તથા (૨) લાયન એસ. પી. જૈન આઈ હૉસ્પિટલ દહિસર (પૂર્વ). કોઈ જરૂરિયાતવાળી ગરીબ વ્યક્તિ જાય તો તેના બધા જ ટેસ્ટ, જેમ કે બ્લડ ટેસ્ટ, ડાયાબિટીસ, ઈસીજી વગેરે મફત કરી અને આંખના મોતિયાનું ઑપરેશન અંદર લૅન્સ બેસાડી મફત કરી આપવામાં આવે છે. દર્દીએ એક પણ રૂપિયો ખર્ચ કરવાનો નથી.

**સંપર્ક :- લાયન કે. સી. દેસાઈ**

**ટેલિફોન : ૨૮૯૩૧૮૬૬, મો. નં. : ૯૮૨૧૪૮૬૬૦૦**

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૭ માગસર સુદ ૬ – શનિવાર, તા. ૧૧-૧૨-૧૦**

શ્રી સુનીલભાઈ રમેશચંદ્ર શાહના સુપુત્ર **ચિ. વૈભવ** (ઢંઢેરવાડો)

શ્રી પંકજભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી **ચિ. જીનલ** (પોળની શેરી)

**સંવત ૨૦૬૭ માગસર સુદ ૧૩ – રવિવાર, તા. ૧૯-૧૨-૧૦**

શ્રી બિપીનભાઈ જયંતીલાલ શાહના સુપુત્ર **ચિ. મિતેન** (ઢંઢેરવાડો)

શ્રી હરેશભાઈ છગનભાઈ સિધ્ધપુરાની સુપુત્રી **ચિ. પાયલ** (-)

શ્રી શિરીષભાઈ નંદલાલ દોશીના સુપુત્ર **ચિ. નિમિત્ત** (ટીમાણા)

શ્રી પંકજભાઈ ફતેહચંદ શાહની સુપુત્રી **ચિ. ચૈતાલી** (કેશુશેઠનો પાડો)

**સંવત ૨૦૬૭ માગસર વદ ૯ – બુધવાર, તા. ૨૯-૧૨-૧૦**

શ્રી પંકજભાઈ શાંતીલાલ શાહના સુપુત્ર **ચિ. સિધ્ધાર્થ** (ઢંઢેરવાડો)

શ્રી ચંદ્રશેખરન નાયરની સુપુત્રી **ચિ. ગીતા** (-)

**સંવત ૨૦૬૭ મહા વદ ૩ – રવિવાર, તા. ૨૦-૨-૧૧**

શ્રી મુકેશભાઈ શાહના સુપુત્ર **ચિ. જુગલ** (લખીયારવાડો)

શ્રી હિતેશભાઈ ન્યાલચંદ શાહની સુપુત્રી **ચિ. જીનલ** (-)

**સંવત ૨૦૬૭ મહા વદ ૫ – મંગળવાર, તા. ૨૨-૦૨-૧૧**

શ્રી રાજેનભાઈ યશવંતલાલ શાહના સુપુત્ર **ચિ. જીનેશ (-)**

શ્રી હરેશભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી **ચિ. વિદિશા** (ભાભાનોપાડો)

## કાળધર્મ

પૂ. આ. શ્રી અરિહંતા સૂરીશ્વરજી ના સમુદાયના પાટણના તપસ્વી સાધવી શ્રી ચંદ્રકળાશ્રીજી ગોરેગાંમ મુકામે પો. સુ. ૩ શુક્રવાર ના ૭-૧-૨૦૧૧, ૯૦ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમનો દિક્ષા પર્યાય ૬૫ વર્ષનો હતો તેમને જીવનમાં ઘણી તપસ્યા તથા આરાધના કરી હતી. ૪૭ વર્ષીતપ કર્યા. તેમાં ૧૨ વર્ષીતપ છઠ્ઠથી કર્યા, અન્ય તપસ્યા પચ્ચખાણ આદિ કર્યા હતા. તેમની પાલખી આદિના ચઢાવા સારા થયા હતા. સંઘનો ઉલ્લાસ સારો હતો. ઘણા ભાઈ -બેહેનો - પાલખીમાં જોડાયા હતા.

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ૬૩૮

## SHREE PATAN PANJARAPOLE - MUMBAI

**DONATION RECD. MORE THAN RS. 21,000 FROM APRIL 2010 - JAN 2011**

| Name | Kayami Grass Tithi | Kayami Chaan Birds | Adhar Stambh | Kayami Pashu Charan | Kayami Nibhav Fund | Kayami Lapsi Tithi | Kayami Shed | Kayami Gate Fund |
|---|---|---|---|---|---|---|---|---|
| Bhavin J. Shah | | | 21,000 | | | | | |
| Tushar J. Shah | | | 21,000 | | | | | |
| Nikhil / Yogesh / Darshan R. Shah | | | | 25,000 | | | | |
| Nirmala Dhirajlal Shah | | | | | | | 100,000 | |
| Chandrikaben kirtilal | | | 21,000 | | | | | |
| Member of Mallat no Pado | | | | | 51,000 | | | |
| Kalpana Surendra Shah | | | | | 51,000 | | | |
| Tushar N. Jhaveri | | | | | 10,000 | | 100,000 | |
| Champaben Shah | | | | | | | 100,000 | |
| Lalitkumar K. Shah | | | | | | | | 500,000 |
| Chandrakant Chiminlal | 5,000 | 2,000 | | | | 93,000 | | |
| Pramod Bhogilal Jhaveri | | | | | 51,000 | | | |
| Shri Khiranagar Jain Sangh | | | | | | | 68,000 | |
| Shri Ramesh Hiralal Jhaveri | | | | | | | 22,000 | |
| Sumit Diamonds | | | | | | | 100,000 | |
| | | | જા X ખ | | | | | |

..... વધુ વિગત માટે સામે પાને



# આવું સુ પ્રભાત કયારે ઉગે.

આ મનુષ્ય જન્મ મહામુલો છે. તો આપણે આપના જીવનનાં મધુર દિવસો અને વિચારો કોઈને નુકશાન પહોંચાડવા કરતાં આપણી ઉન્નતિ થાય તે માટે વાપરીએ તેજ યોગ્ય છે, શ્રેય છે. તેમાં પણ આપણનેતો સારૂં કુળ અને જૈનધર્મ મળ્યો છે. સહુથી પહેલાં ધર્મમાં અહિંસા અને ક્ષમાપનાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તો તમે તમારા દુશ્મન ને ખમાવતા શીખો. આ બધું જ્ઞાન આપણને કોણ આપે ?

કહેવાય છે કે માતા જ યોગ્ય શિક્ષણ આપી શકે તે માતા કેવી હોય. દસ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય ચઢે. સો આચાર્ય કરતાં એક પિતા વધે, અને હજાર પિતા કરતાં એક માતાનું ગૌરવ વધી જાય તેજ સાચું સિંચન કરી શકે.

બાળક ત્રણ વરસથી પાંચ વરસની ઉમ્મરમાં જે ગ્રહણ કરે છે. તે તેના જીવનમાં એવું વણાઈ જાય છે, કે તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ એને શું સાચું કે શું ખોટું તે સમજણ આવતી જાય છે.

પહેલાના જમાનામાં સ્ત્રીઓને ઘરકામ અને બાળકોની સારસંભાળનું કામ મુખ્ય હતું અને તેમાંજ તેમને શરીર સુદૃઢ રાખવામાં કુદરતી સહાય મળતી હતી. લોકો સંયુક્ત કુટુંબમા સાથે રહતા હતા તેથી બાળકો એક બીજા સાથે રમતાં, ખાતા પીતા અને ભણતા શીખે. માતાને તો ખબર જ ના પડે કે તેનું બાળક કયાંરે મોટું થઈ ગયું. ત્યારે કુટુંબમાં એક બીજાની લાગણી એવી હતી કે કયુ બાળક દેરાણીનું કે કયુ બાળક જેઠાણીનું, રસોડામાં નંબર પ્રમાણે થાળી પીરસાય એમાં મારા તારાની ભાવના નહોતી બંધા પોતાનાજ લાગે બાળકો જાતેજ જમી લે કોઈને કોળીયા ભરાવવા ન પડે હવે જમાનો એવો આવ્યો છે કે હુંને મારો વસ્તાર બીજા બધા વગડાના વા. અત્યારે માતાપિતાને બાળકને ભણાવવામાં અને બીજી એક્ટીવીટીમાં ફી ભરતાં નાકે દમ આવી જાય છે અને ખુબ ધ્યાન આપવું પડે છે.

પહેલાના (ગુરૂજી) મન દઈને બરાબર ભણાવતાં અને ઘડીયા ગોખાવતા જો બાળક ન ભણેતો સોટી વાગે ચમ ચમને વિદ્યા આવે ઘમ ઘમ અને પ્રેમથી ભણાવતાં નાના બાળકો સારા તૈયાર થઈને પછી નિશાળમાં દાખલ થતાં ત્યાં પણ બધા શિક્ષકો પુરતું ધ્યાન આપી ભણાવતા અને તૈયાર થઈ બહાર આવતા. અત્યારના એજ્યુકેશનમાં ભણતર છે પણ ગણતર નથી. તમે જોશો કે ઘણીવાર ઓછું ભણેલા માણસોમાં ગણતર હતું અને તેઓ પાંચમાં પુછાતા. હજૂ આપણા સમાજ માં સંયુક્ત કુટુંબો છે, તે આપણી ઉજળી બાજુ છે. આપણા ગુરૂમહારાજો અને ગરણીજી મહારાજો બાળકોની શિબિરો ગોઠવીને સારા સંસ્કારો આપે છે. વિનય વિવેક શીખવાડે છે અને ધર્મમાં પણ સારી સમજ આપે છે. સારા વીર સૈનીકો ઉભા કરે છે. ધાર્મિક પાઠશાળામાં પણ બાળકો સારૂં જ્ઞાન મેળવે છે. ભવિષ્યમાં બુધ્ધિશાળી અને સમતાધારી શ્રાવકો સમાજને સાચવી શકશે એવું સિંચન કરે છે. આ ભાવના સહુની ફળે અને આપણા દેશમાં પહેલા જેવીજ શાંતિ સ્થપાય અને દેશ ઉન્નતિને પંથે આગળ વધે એજ અભ્યર્થના.

❑ **શ્રીમતી અનુસયાબેન બાલુભાઈ શાહ**


**શ્રી પાટણ જૈન મંડળ**

## ચોવીસમા સમુહલગ્ન સમારોહ

**પ્રેરકદાતા : શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે ચોવીસમા સમુહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક : સંવત ૨૦૬૭ જેઠ સુદ, ૧૧**
**રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૧**

**સ્થળ : આઈ. બી. પટેલ વિદ્યાલય, ગોરેગામ (વે.) મુંબઈ.**

સમુહ લગ્નમાં જોડાવવા અંગેના ફોર્મ તા. ૧-૪-૨૦૧૧ થી મંડળના કાર્યાલયમાંથી. મેળવી લેવા. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૪-૧૧ રહેશે. વધુ માહીતી હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

**વધુ વિગત માટે સંપર્ક : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮**

❑ **પ્રોગ્રામ સમિતિ**


ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ૬૩૮

## SHREE PATAN PANJARAPOLE - MUMBAI

**DONATION RECD. MORE THAN RS. 21,000 FROM APRIL 2010 - JAN 2011**

| Name | Kayami Grass Tithi | Kayami Chaan Birds | Adhar Stambh | Kayami Pashu Charan | Kayami Nibhav Fund | Kayami Lapsi Tithi | Kayami Shed | Kayami Gate Fund |
|---|---|---|---|---|---|---|---|---|
| Hasmukh Atmaram Sandesara | | | 21,000 | | | | | |
| Dahyabhai , Shailesh & Malti Sandesara | | | 21,001 | | | | | |
| Jayantilal Vithaldas Shah | | | | | 51,000 | | | |
| Shantilal Popatlal Ch. Trust | | | | | 200,001 | | | |
| Mulchand Nanalal Shah | | 4,000 | | | | 31,000 | | |
| Navin Chimanlal Maniar | | | 21,000 | | | 31,000 | | |
| Amrutlal Manilal Trust | | | | | | 60,000 | | |
| Rupaben nitinbhai Mehta | | | | | | 21,000 | | |
| Shantinath Bhagwan Ghar derasar | | | | | | | 100,000 | |
| Bhadrikaben Sureshbhai Shah | | | | | | | 100,000 | |
| Nareshchandra Manilal Saiba | | | | | 51,000 | | | |
| Kusumben Rasiklal Shah | | | | | 51,000 | | | |
| Manilal L. Zaveri | | | | | 51,000 | | | |
| Sarabhai Nemchand Shah | 21,000 | | | | | | | |
| Bhadrikaben Girishbhai Shah | 21,000 | | | | | | | |
| Nirmalaben Ravindhrabhai Shah | | | | | | | 100,000 | જા X ખ |

## શ્રી પાટણ કો. ઓ. બેંક લી.

આવતા ૫ વર્ષ માટે પાટણ કો. ઓ. બેન્ક લિ. ના ડિરેક્ટરો બિનહરીફ ચુંટાયેલ છે. તારીખ ૦૮-૦૩-૧૧ ને રોજ ડેપ્યુટી ડિસ્ટ્રીક્ટ રજીસ્ટાર - શ્રી મોહમદ આરીફ સાહેબ ની હાજરીમાં સન ૨૦૧૦-૧૧ થી ૨૦૧૫-૧૬ સુધી નીચે પ્રમાણે ૧૦ બોર્ડ ઑફ ડિરેક્ટરોની જાહેરાત કરવામાં આવી હતી.

| | |
|---|---|
| ***શ્રી. દિનેશભાઈ શાંતિલાલ શાહ*** | - ***ચેરમેન*** |
| ***શ્રી નરેશભાઈ નેમચંદ શાહ*** | - ***વાઈસ ચેરમેન*** |
| ***શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી અરવીંદભાઈ જીવાભાઈ શાહ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી તુષારભાઈ જીતેન્દ્રભાઈ શાહ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી સંજયભાઈ વિનોદભાઈ શાહ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રી હિરાલાલ મુળજીભાઈ ચૌહાણ*** | - ***ડિરેક્ટર*** |
| ***શ્રીમતી ભારતીબ્હેન ભગુભાઈ શાહ*** | - ***ડિરેક્ટર*** |

પાટણ બેન્કની સન ૨૦૧૦-૧૧ દરમ્યાન અંદાજે રૂા. ૧૫૪ લાખ ગ્રોસ આવક અને સર્વ ખર્ચાઓની જોગવાઈ કરતાં ટેક્ષ પહેલાનો નફો રૂા. ૧૪૩ લાખ અપેક્ષીત છે.

પાટણ બેન્કે આ વર્ષે મરીન ડ્રાઈવ ના રહેવાસીઓની માગણી અને લાગણીને માન આપી નવા ૫૨ લોકર્સ ની સુવિધા કરી છે આ સુવિધા નો ૧૦૦% ઉપયોગ લેવાઈ ગયેલ છે.

પાટણ બેન્કે તારીખ ૧૫-૩-૨૦૧૧ થી વ્યાજ ના દરો ૪૦૦ દિવસ ના ૮.૫૦% ના દરે તથા સિનિયર સીટીઝન માટે ૯.૦૦% ના દરે બાંધી મુદત માટે રાખેલ છે. સન ૨૦૧૦–૧૧ દરમ્યાન બેંક ના સ્ટાફ અને ઓફીસર્સ ના સક્રિય સહકાર તથા મેનેજમેન્ટ ના ઉત્તમ સાથ-સહકાર સાથે, બેંક અવિરત પ્રગતિ ના પંથે ચાલી રહેલ છે. તેની નોંધ લેતા ગર્વ અને ગૌરવ અનુભવીએ છીએ.

## દિક્ષાર્થીઓની માહિતી

**મહાસુદ - ૪, સોમવાર તા. ૭-૨-૨૦૧૧**

સ્થળ : ગોરેગામ

- **મુમુક્ષુનુ નામ : કુ. કલગી**
  દિક્ષાર્થી નામ : પૂ. કૃપાંગ ધર્માશ્રીજી મ. સા.
- **મુમુક્ષુનું નામ : કુ. ખીલોની**
  દિક્ષાર્થી નામ : પૂ. જિનાંગ ધર્માશ્રીજી મ. સા.
  માતા-પિતાનુ નામ : શ્રીમતી અનિષાબેન પ્રણયભાઈ વિનોદભાઈ શાહ (લાદીવાળા)
  પાટણનો મહોલ્લો : કનાસાનો પાડો

**ફાગણ સુદ - ૭, શનિવાર, તા. ૧૨-૩-૨૦૧૧**

- **મુમુક્ષુનુ નામ : કુ. પાયલ**
  દિક્ષાર્થી નામ : પૂ. વૈરાગ્યરૂચીતાશ્રીજી મ. સા.
  માતાપિતાનુ નામ : શ્રીમતી મિનાબેન અમીતભાઈભોગીલાલ શાહ
  પાટણનો મહોલ્લો : વાસુપુજ્યની શેરી
  સ્થળ : પાનસર
- **મુમુક્ષુનુ નામ : ચિ. કર્તવ્ય**
  દિક્ષાર્થીનુ નામ : પૂ. કલ્પભુષણ વિજયજી મ. સા.
  માતાપિતાનુ નામ : શ્રીમતી દિપાબેન કોમલકુમાર
  પાટણનો મહોલ્લો : મહાલક્ષ્મી માતાનો પાડો
- **મુમુક્ષુનુ નામ : શ્રીમતી વીણાબેન રમેશચંદ્ર શાહ**
  દિક્ષાર્થીનુ નામ : પૂ. વિરતી રત્નાશ્રીજી મ. સા.
  માતાપિતાનું નામ : શ્રીમતી કમળાબેન ચુનીલાલ
  પાટણનો મહોલ્લો : મહાલક્ષ્મી માતાનો પાડો
  સ્થળ : પાલીતાણા



## પંચશીલ હેન્ડીકેપ્ડ ટ્રસ્ટ

**કે/ઓ મુનગ્રુપ, કામા બિલ્ડીંગ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.**
**મોબાઈલ : ૯૩૨૩૨૩૭૦૨૩**

- ભારતમાં પ્રથમ વખતે સીવિયરલી ડિસેબલ્ડ બાળ વિકલાંગો માટે દિલ્હી સરકારના હાડકાના નિષ્ણાંત જોક્ટરો ના માર્ગદર્શન પ્રમાણે વિકલાંગો ધ્વારા બનાવેલ ટેઇલર મેઇડ (શરીરની અંગરચના પ્રમાણે) સાયકલ–ચેર
- કિંમત આશરે રૂા. ૭૦૦૦, પરંતુ ૫૦ ટકા સરકારી યોગદાન, તથા ૫૦ રૂા. ૩૬૦૦ દાતાઓનું યોગદાન (દાન સામે ૮૦ જી આપવામાં આવશે.) અત્યાર સુધી ટ્રસ્ટ ધ્વારા ૧૦૦૦ થી વધુ સાઇકલ-ચેરનું વિતરણ કરાયુ.
- તા. ૨૯-૦૧-૨૦૧૧ ના સેવા યજ્ઞ દરમ્યાન રૂા. ૧૦ હજારથી વધુ રકમના પ્રાપ્ત થયેલ દાનની વિગત (કુલ ૧૩૪,૪૦૦)
- બાબુ પનાલાલ પુનમચંદ ટ્રસ્ટ રૂા.૨૧,૬૦૦/-, જૈન સમાજ યુ.કે. રૂા.૧૫,૦૦૦/-, મુન ગ્રુપ રૂા. ૧૮,૦૦૦/-, મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ રૂા. ૧૦,૮૦૦/-, જવાહરભાઈ મોતીચંદ રૂા. ૧૧,૦૦૦/-, વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ રૂા. ૧૧,૦૦૦/-, સતિશભાઈ રતિલાલ શાહ રૂા. ૧૧,૦૦૦/- (અન્ય એક સાઇકલના રૂા. ૩૬૦૦/- લેખે) રૂા. ૧૦ દસ મહાનુભાવોના રૂા. ૩૬,૦૦૦/-

**અનુમોદના દાન મોકલવાનુ સરનામું**



**ટ્રસ્ટીગણ :** સી જે શાહ (**સ્થાપક**), દિપચંદ ગાર્ડી (**પ્રમુખ**), અરૂણભાઈ આર. શાહ (**ટ્રસ્ટી - બી અરૂણકુમાર**), આશિષભાઈ સી. શાહ (**ટ્રસ્ટી-મુન ગ્રુપ**) સતિશભાઈ આર. શાહ (**ટ્રસ્ટી ગોલ્ડસ્ટાર લી.**), રસિકલાલ દોશી (**ટ્રસ્ટી - વેલડેકોર ગ્રુપ**), જી.પી.શેઠિયા (**ટ્રસ્ટી શેમારૂ ગ્રુપ**), ડૉ. નટુભાઈ શાહ (**ટ્રસ્ટી, લંડન**), વિજયભાઈ શેઠ (**કો.ઓરડીનેટર - લંડન શાખા**)

## URGENT NEED OF VIABLE MARROW DONOR REGISTRY (INDIA)

Numerous people die every day in India from Leukemia, Thalassemia and other difficult blood disease. For these unfortunate patients there are beacons of hope like Dr. Sunil Parekh and other Haematologists. However in India, their medical tools mainly stop at the chemotherapy. There is urgent need in the country for more advanced curative procedures like Bone Marrow Transplant which can save these lives that are unnecessarily wasted. This figure of deaths is approximately two lakhs patients per year. While medical technology for bone marrow transplant in India is mastered by Indian doctors, the major handicap is availability of a viable bone marrow registry in India.

In **U.S.A** National Marrow Donor Program has 6 million voluntary donors. Considering that India's population is 4 times that of U.S.A, India should have a Marrow Donor Registry of 24 million voluntary donors. However at present Marrow Donor Registry (India) has only 5000 voluntary donors. This shows the huge gap that we face. The task for bridging this gap has fallen on the shoulders of Dr. Sunil Parekh, as chairman of Marrow Donor Registry (India). This shows that there is stupendous task in front of us. If we want to build a modest marrow donor registry of one million donors in 5 years, the cost is Rs. 500 crores.

This is a gigantic task for one person or even a small group of people, but it is not difficult for the society as a whole. We need help of Philanthropists, professionals and social workers in all walks of life and all cities in India. This is a major social problem in India and it is only apt that the society as a whole solves this problem. There is a need to educate people about their ability to save a human life without any harm to themselves. This education process requires thousands of social workers with proper educational tools. It cannot be done by one or few persons even if they work on 24 x7 hours basis.

